ફોર્મ–એ

અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. પેટલાદ

(જજમેન્ટ આપ્યા તારીખ:૨૪/૦૬/૨૦૨૬)
(ફોજદારી કેસ નં. ૧૦૨૯/૨૦૨૪૮)
(આંક:–.....)

ખાનગી ફોજદારી ફરિયાદ
(નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ સાથે ૧૪૨ વાંચતાં મુજબ)

ફરિયાદી	પટેલ ધરમેન્દ્રકુમાર મગનભાઈ, ઉં.વ.૪૬, ધંધો–ખેતી રહે.પટેલ વગો, મુ.રંગાઈપુરા, તા.પેટલાદ, જી.આણંદ
ફરિયાદી તરફે	વિ.વ.શ્રી એ.એસ.પઠાણ
આરોપી	કાછીયા પ્રજ્ઞેશકુમાર ઘનશ્યામભાઈ ઉ.વ.૪૫, ધંધો–વેપાર રહે.નવાપુરા લાઈબ્રેરી પાછળ,મુ.તા.પેટલાદ જી.આણંદ
આરોપી તરફે	વિ.વ.શ્રી એમ.એસ. બારોટ

ફોર્મ–બી

ગુન્હો બન્યા તારીખ	–
ફરિયાદ રજુ થયા તારીખ	તા.૦૧/૦૫/૨૦૨૪
ચાર્જશીટની તારીખ	–
તહોમતનામું ઘડયાની તારીખ	–
પુરાવો લેવાનું ચાલુ કર્યાની તારીખ	–
જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ	૨૪/૦૬/૨૦૨૬
જજમેન્ટ આપ્યા તારીખ	૨૪/૦૬/૨૦૨૬
સજાના ઓર્ડર કર્યાની તારીખ(જો હોય તો)	–

આરોપીની વિગતો

આરોપીની સંખ્યા	આરોપીનું નામ	અટક કર્યાની તારીખ	જામીન પર મુકત કર્યાની તારીખ	ગુનાઓના આરોપસર	સજા /નિર્દોષ	ફરમાવેલ સજા	કેદમાં રહેલ મુદતનો સમય ક્રિ.પો. કોડની સ.૪૨૮ ના

							હેતુસર
૧	કાછીયા પ્રજ્ઞેશકુમાર ઘનશ્યામભાઈ	–	–	નેગો ઈન્સ્ટ્રુ. એકટની કલમ ૧૩૮ મુજબ	સજા	૨ વર્ષની સાદી કેદ તથા રૂ. ૭,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા સાત લાખ પુરા) વળતર પેટે અને રકમ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા.	

ફોર્મ–સી

એ–ફરીયાદ પક્ષના સાક્ષી:–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર	આંક
૧	ધરમેન્દ્રકુમાર મગનભાઈ પટેલનુ સોગંદનામુ	સોગંદનામું	૦૧

બી–આરોપી પક્ષના સાક્ષી:–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર	આંક
–	–	–	–

સી–કોર્ટ તરફેના સાક્ષી:–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર
–	–	–

એ–ફરીયાદ પક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો:–

નંબર	વિગત	આંક
૧	આરોપીએ આપેલ ચેક નં.૦૧૮૦૭૬ નો અસલ રજૂ. તા.૧૮/૦૩/૨૦૨૪	૧૦
૨	ડીસીબી બેંકે આપેલ રીટર્ન મેમો અસલ રજુ તા.૧૯/૦૩/૨૦૨૪	૧૧
૩	લીગલ ડીમાન્ડ નોટીસની સ્થળપ્રત રજુ તા.૦૩/૦૪/૨૦૨૪	૧૨
૪	રજી.એડી પોસ્ટની સફેદ પાવતી અસલ તા.૦૩/૦૪/૨૦૨૪	૧૩
૫	પોસ્ટ ટ્રેકીંગની કોમ્પ્યુટરરાઈઝડ પ્રિન્ટ રજુ તા.૦૪/૦૪/૨૦૨૪	૧૪
૬	એકનોલેઝમેન્ટ અસલ રજુ	૧૫
૭	સોગંદનામું અસલ રજુ	૧૬

<u>બી–આરોપી પક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો:–</u>

નંબર	વિગત	આંકના નંબર
–		

<u>સી–કોર્ટ તરફે આંકે પાડેલ દસ્તાવેજો:–</u>

નંબર	વિગત	આંકના નંબર
–	–	–

<u>ડી–મહત્વની વસ્તુઓ:–</u>

નંબર	વિગત	આંકના નંબર
–	–	–

<u>–:: ચુકાદો ::–</u>

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, ફરીયાદી ઉપરોક્ત સરનામે રહે છે. ખેતી તેમજ શીક્ષક તરીકે નોકરી કરી પોતાનું તથા કુટુંબનું ભરણપોષણ કરે છે, જયારે આરોપી ઉપરોક્ત સરનામે પેટલાદ ગામમાં રહે છે અને સબંધે ફરીયાદીનાં સાઢુભાઈ થાય છે અને વેપાર ધંધો કરે છે. આમ ફરીયાદી તથા આરોપી સબંધે સાઢુભાઈ થતા હોય એ રીતે કૌટુંબીક સબંધો હોય એકબીજાનો સારી રીતે ઓળખાણ પરિચય છે. ફરીયાદી તથા આરોપી સબંધી થતા હોય એકબીજા સાથે સારો સંબંધો હોય અવાર નવાર સંજયભાઈ સાથે એકબીજાને ઘરે આવ જાવ કરતાં હતાં આરોપીને પોતાના વેપાર ધંધા માટે નાણાની જરૂર હોય ફરીયાદીને મળેલાં અને જણાવેલ કે, "મારે મારા વેપાર ધંધાનાં વિકાસ માટે રૂપિયા જરૂર છે તો મને રૂપિયા આપો" આથી આરોપી ફરીયાદીનાં સાઢુભાઈ થતા હોય આરોપીને તેમના વેપાર ધંધામાં મદદ કરવાના શુભ આશયથી ટુકડે ટુકડે થઈ રૂા.૭,૦૦,000/ અંકે રૂપિયા સાત લાખ પુરા આપેલાં. જે હાથ ઉછીના આપેલા રૂપિયા પરત માંગણી કરતા આરોપીએ તા.૧૬.૦૬.૨૦૨૧ નાં રોજ રૂા.૭,૦૦,૦૦૦/ નો પંજાબ નેશનલ બેંક પેટલાદ શાખાનાં ખાતા નં.૩૯૧૦૦૮૭૦૦૦૦૧૯૨૦ નો ચેક નં.૩૩૫૯૯૯ નો આપેલ જે આરોપીની જાણ સંમતિ અને કહ્યા મુજબ બેંકમાં રજુ કરતાં અપુરતા ફંડને કારણે પરત ફરેલો જે અંગે નોટીશ આપી જાણ કરવા છતાં કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલી નહી જેથી પેટલાદનાં મે પ્રીન્સી.ચીફ જયુડી.મેજી સાહેબની કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ ક્રિમી. કેસ નં.૨૧૧૯/૨૦૨૧ થી ફરીયાદ દાખલ કરેલી જે ફરીયાદનાં કામે સમાજનાં સારા માણસોએ વચ્ચે પડી સમાધાન કરાવેલ અને લેણી રકમ ૧૮ માસની અંદર ચુકતે આપી દેવાનાં છે તે અંગે રૂા.૧૦૦/ નાં સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરી આપેલ જેથી ક્રિમી. કેસ

નં.૨૧૧૯/૨૦૨૧ નાં કામે સોગંદનામું રજુ કરી સમાધાન કરી ફરીયાદ તા.૨૦.૦૮.૨૦૨૨ નાં રોજ આંક–૨૦ થી નામદાર કોર્ટમાં વિથ ડ્રો પુરશીશ આપી કેસ પરત ખેચેલ છે. આરોપીએ રૂા.૧૦૦/ નાં સ્ટેમ્પ પેપર ઉપર સીરીયલ નં.૫૩૦૦/૨૨ થી રજીસ્ટર કરી લેણી રકમ ૧૮ માસમાં ચુકવી આપવા અંગેની બાહેધરી આપેલી જે બાહેધરી મુજબ ૧૮ માસનો સમય પુરો થતા આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમની ચુકવણી પેટે ધી ફેડરલ બેંક લીમીટેડ પેટલાદ શાખાનો ખાતા નં.૨૧૨૮૦૧૦૦૦૧૨૦૮૦ નો ચેક નં.૦૧૮૦૭૬ રૂા.૭,૦૦,૦૦૦/ તા.૧૮.૦૩.૨૦૨૪ નાં રોજનો ફરીયાદીની રૂબરૂમાં સહી કરીને આપ્યો હતો જે ફરીયાદીએ આરોપીની જાણ સંમતિ અને કહ્યા મુજબ ડીસીબી બેંક રંગાઇપુરા શાખામાં રજુ કરતાં તા.૧૯.૦૩.૨૦૨૪ નાં રોજ '**Funds Insufficient**' નાં શેરા સાથે પરત આવેલ આથી ફરીયાદીએ તાત્કાલીક આરોપીનો સંપર્ક કરતાં જણાવેલ કે "જે થાય તે કરી લેજે તને એક રૂપિયો આપવાનો નથી અને જો નોટીશ આપીસ તો જોવા જેવી થઈ જશે" જેથી ફરીયાદી સાથે કોર્ટમાં સમાધાન કરીને ચેક આપ્યા જે ચેક પણ રીર્ટન થયો હોય ફરીયાદી સાથે છેતરપીડી, વિશ્વાસઘાત કરેલ છે. આરોપીએ ફરીયાદીને સમાધાન કરી આપેલ ચેક રીર્ટન થતા વકીલ મારફતે તા.૦૩.૦૪.૨૦૨૪ નાં રોજની લીગલ ડીમાન્ડ નોટીશ રજી.એડી પોસ્ટથી આરોપીને આપી હતી જે રજી. એડી નોટીશ આરોપીને તા.૦૪.૦૪.૨૦૨૪ નાં રોજ બજી ગયેલ છે. તેમ છતાં આજદીન સુધી આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી નીકળતી ચેકની રકમ ચુકવી આપી નથી કે આજદીન સુધી નોટીશનો કોઈ જવાબ પણ આપેલો નથી. આમ આરોપીએ ફરીયાદી સાથે સમાધાન કરી સમાધાન પેટે ચેક આપેલ અને કહ્યાં મુજબ ચેક બેંકમાં ભર્યો તેમ છતાં ખાતામાં બેલેન્સ ન રાખી ખોટો અને પરત ફરે તેવો ચેક આપ્યો અને નોટીશ આપવા છતાં સમય મર્યાદામાં ચેકની રકમ નહી ચુકવી આપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કર્યો છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો દંડ અને સજાને પાત્ર ગુન્હો કરેલ છે. આમ, આરોપીએ નોટીસમાં જણાવ્યા મુજબ વર્તન નહી કરી એન.આઈ.એકટ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાત્મક ગુનો કરેલ હોઈ આરોપી વિરૂધ્ધ હાલની ફરીયાદ કરેલ છે.

(૨) આ કામે ફરીયાદી ધ્વારા રજુ થતા સૌ પ્રથમ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૦ મુજબનુ વેરીફીકેશન અત્રેની અદાલત ધ્વારા લેવામાં આવેલ છે, જે વેરીફીકેશનના અંતે આરોપી વિરુધ્ધની ફરીયાદ પ્રથમદર્શનીય જણાતા, અદાલતે ગુનાનુ સંજ્ઞાન લઇ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૪ હેઠળ આરોપી ઉપર પ્રોસેસ કાઢવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામે હુકમ મુજબના પ્રોસેસની બજવણી આરોપી ઉપર થતાં તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ છે. આરોપી અદાલત સમક્ષ હાજર થતાં **આંક–૦૯** થી તેઓનુ ગુના સંબંધેનુ નિવેદન(પ્લી) નોંધવામાં આવેલ છે. સદર નિવેદનમાં આરોપીએ ફરીયાદની નકલ મળેલ હોવાનુ કબુલ રાખી તેમની સામેના તહોમતનો ઈન્કાર કરી કેસની કાર્યવાહી આગળ ચલાવવા માગતા હોવાનુ જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા પોતાનો કેસ પ્રસ્થાપિત કરવા માટે ઉપર દર્શાવેલ ફોર્મ –સી કોષ્ટક એ મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. આ કામે ફરિયાદ પક્ષ તરફે **આંક–૨૧** થી ક્લોઝીંગ પુરશીશ રજુ કરી વધુ કોઇ પુરાવો રજુ કરવાનો નહી હોવાનુ જાહેર કરેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં રજુ થયેલ પુરાવો ધ્યાને લઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેઓ નિર્દોષ હોવાનુ, તહોમત મુજબનો ગુનો તેઓએ કરેલ ન હોવાનું તથા ફરીયાદીએ આરોપીના કોરા ચેક નો દુરુપયોગ કરી ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

(૬) આ કામે આરોપી દ્વારા પોતાનો કેસ પ્રસ્થાપિત કરવા માટે ઉપર દર્શાવેલ ફોર્મ –સી કોષ્ટક બી મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. આ કામે આરોપી પક્ષ તરફે **આંક–૨૨** થી ક્લોઝીંગ પુરશીશ રજુ કરી વધુ કોઇ પુરાવો રજુ કરવાનો નહી હોવાનુ જાહેર કરેલ છે.

(૭) આ કામે ફરીયાદી તરફે વિધ્વાન વકીલશ્રી દ્વારા મૌખિક દલીલો કરેલ છે અને જણાવેલ કે, ફરીયાદી ધ્વારા તેની ફરીયાદની હકીકત સરતપાસથી પુરવાર કરેલ છે વધુમા દલીલમાં જણાવેલ કે, આ કામના આરોપી અને ફરીયાદી વચ્ચે અગાઉના કેસમાં સમાધાન થયેલ તે સમાધાન પેટે આરો–પીએ હાલનો ચેક્ આપેલ છે તે હકીકત ફરીયાદીએ આંક–૧૨ નોટીસથી તથા આંક–૧૬ના આરો–પીએ કરી આપેલ સોગંદનામા જે નોટરી રૂબરૂનુ છે જેમાં પણ્ સદરહુ ચેકની હકીકત કબુલ રાખેલ છે જે હકીકત ફરીયાદીએ પુરવાર કરેલ છે જ્યારે આ બાબતની કોઇ ખંડન આરોપી દ્વારા મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી કરેલ નથી જેથી હાલની ફરીયાદની હકીકત ફરીયાદીએ સાબિત કરેલ હોય આરો–પીને સદર ગુનામા તકસીરવાન ઠરાવવા દલીલ કરેલ છે

આ કામમાં આરોપીના વકીલશ્રીએ તેમની મૌખિક દલીલમાં જણાવેલ કે, ફરીયાદી સદરહુ રકમ આરોપીને ક્યાંથી અને કેવી રીતે આપેલ તે હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી તેમજ આ કામમાં અગાઉના કેસમાં જે સમાધાન થઇ ગયેલ તે સમધાન પેટે તમામ રકમ આરોપીએ ફરીયા–દીને ચુકવી દીધેલ છે પરંતુ ફરીયાદીને આરોપીના ચેકનો દુરુપયોગ કરી હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે જેથી હાલની ફરીયાદ રદ કરવા દલીલ કરેલ છે.

(૮) ઉપરોકત રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા રજુઆતના આધારે સદર કામનો ગુણદોષ ઉપર નિર્ણય કરવા અત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત પેરા–૧ ની વિગતે ફરિયાદીના કાયદેસરના લેણા પેટે આ કામના આરોપીએ **ફેડરલ બેન્કનો રૂ.૭,૦૦,૦૦૦/–** નો **તા.૧૮/૦૩/૨૦૨૪** નો ચેક નં.**૦૧૮૦૭૬** ના ફરીયાદીને સહી કરી આપેલ અને સદરહુ ચેક પાકતી મીતીએ અચૂક સ્વીકારાઈ જશે તેવો ભરોસો અને વિશ્વાસ આરોપીએ ફરીયાદીને આપેલ. જે ચેક ફરીયાદીએ વટાવવા માટે બેંક્મા રજુ કરતા ફરીયાદીની બેંકે આરોપીના ખાતામાં પુરતુ બેલેન્સ ના હોઈ સદરહું ચેક **"ફંડ ઈન્સફીસીયન્ટ"** ના મેમા સાથે સ્વીકારાયા

વગર પરત કરેલ. જેથી, ફરીયાદીએ આરોપીને એન.આઈ.એકટ ની કલમ–૧૩૮ મુજબ લીગલ નોટીસ ફરમાવેલી. જે કાયદેસરની નોટીસ આરોપીને બજાવેલ હોવા છતા આરોપીએ નોટીસમાં જણાવ્યા મુજબ વર્તન કરવાની કસુર કરી નોટીસ મળ્યાના દિન–૧૫ સદરહુ ચેકના અવેજની રકમ ફરીયાદીને ચુકવી આપેલ ન હોઈ આ કામના આરોપીએ એન.આઈ.એકટ ની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાત્મક ગુનો કરેલ છે.?

૨) શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) હકારમાં,

૨) આખરી હુકમ મુજબ.

–:: કારણો ::–

મુદા નં.૧.

(૧૦) આ કામના આરોપી વિરુધ્ધ ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનુ શિક્ષાનેપાત્ર કૃત્ય કરેલ હોવાનો આરોપ છે, જેમાં ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાઓથી નીચે મુજબના તત્વો પુરવાર થવા જોઇએ.

આવશ્યક તત્વો:–

(A) પોતે રાખેલા (નિભાવતા) બેંકના ચોકકસ ખાતામાંથી રકમ ચૂકવવા બાબતે ચેકના કર્તા ધ્વારા ખતના નાણા લેનાર (Payee) કે ફરીયાદી (Complainant) ને ચેક આપેલ હોવો જોઈએ.

(B) આવો ચેક દેવા અથવા જવાબદારીના સંપુર્ણ કે અંશત: ચુકવણાં માટે આપેલ હોવો જોઈએ,

(C) આવો ચેક ત્રણ મહીના અથવા તેની કાયદેસરની વેલીડીટી પીરીયડ બેમાંથી જે વહેલું હોય તે મુદતની અંદર બેંકમાં રજુ થયેલો હોવો જોઈએ.

(D) આવો ચેક અપુરતાં ભંડોળના કારણે કે બેંક સાથે કરવામાં આવેલ વ્યવસ્થા કરતાં વધુ રકમનો હોવાનાં કારણે વગર ચુકવણે પરત થયેલો હોવો જોઈએ.

(E) આવો ચેક વગર ચુકવ્યે પરત થયાની બેંક ધ્વારા જાણ કરવામાં આવ્યાના ૩૦ દિવસની અંદર નોટીસ ધ્વારા ચેક લખનારને જાણ કરી ચેકની રકમની માંગણી કરવી જોઈએ.

(F) આવી રકમની માંગણી કરતી નોટીસ ચેક લખનારને મળ્યાના પંદર દિવસમાં ચેક લખનાર ચેકની રકમની ચુકવણી ન કરે તો તેના એક માસમાં ચેકના પેઈ અથવા હોલ્ડર ઈન ડયુ કોર્સ હોય તેણે ફરીયાદ કરેલ હોવી જોઈએ.

આમ, ઉપર મુજબની શરતો સંતોષાતી હોય, તો જ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ફરીયાદ ટકવાપાત્ર (Maintainable) ગણી શકાય. વધુમાં હાલનો કેસ એક સમરી/સમન્સ ટ્રાયેબલ ગુનાનો કેસ છે. જે કેસમાં કોર્ટ એ નિર્ણય પર આવવાના કારણોની સંક્ષિપ્ત માં ચર્ચા કરવાની રહે છે. વધુમાં આ કામે આરોપી વિરૂધ્ધ ફરીયાદ પક્ષ દ્બારા રજુ કરવામાં આવેલ પુરાવાઓનું મુલ્યાંકન અને ચર્ચા કરી કોઈ નિષ્કર્ષ પર આવતા પુર્વ ફોજદારી ન્યાયશાસ્તનો મુળભુત સિધ્ધાંત ધ્યાને લેવો આવશ્યક છે. ભારતમાં સામાન્ય રીતે વટાવખત અધિનીયમ અંતર્ગતના ફોજદારી કેસો સિવાયના અન્ય ફોજદારી કેસોમાં અપનાવવામાં આવેલ ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુખ્ય અને મહત્વનો સિધ્ધાંત છે કે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ આરોપવામાં આવેલ ગુનાનો આરોપ નિશંક પણે પુરવાર કરવાનો રહે છે, અને આરોપી પક્ષે પોતે નિર્દોષ છે તેવુ પુરવાર કરવાનું રહેતું નથી. તેમજ ફરીયાદપક્ષે પોતાના સ્વતંત્ર, સબળ અને સ્પષ્ટ પુરાવા દ્બારા આવી હકીકત પુરવાર કરવાની રહે છે. ભારતીય ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર ફરીયાદ પક્ષ બચાવ પક્ષના કેસની નબળાઈનો લાભ લઈ પોતાનો કેસ પુરવાર કરી શકતો નથી. પરંતુ હાલનો કેસ નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અંતર્ગતનો કેસ છે, ત્યારે તે કાયદાની **કલમ-૧૧૮ તથા ૧૩૯** માં ચેક અંગે અમુક અનુમાનો પણ આપવામાં આવેલ છે, જે ધ્યાને લેવા આવશ્યક છે. વધુમાં, આ કામે આરોપી સામે જ્યારે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે કોર્ટે એ હકિકત પણ ધ્યાને લેવાની રહે છે કે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેના કેસો અંગે ધારાસભાએ **ડોકટરીન ઓફ રીવર્સ બર્ડનની** જોગવાઈ કરેલ છે એટલે કે વટાવખત અધિનીયમ ની કલમ-૧૩૮ અંતર્ગતના ફોજદારી કેસમાં શરૂઆતની હકિકત જેવી કે એક ઈસ્યુઅન્સ અને એક પરની આરોપીની સહી અને જે વ્યવહાર માટે એક આપવામાં આવેલ હોવાનું જણાવતા હોય તે વ્યવહાર ફરીયાદી પુરવાર કરે તો અદાલતે આરોપી વિરૂધ્ધ કેટલાક અનુમાનો કરવાના રહે છે. જે અનુમાનો કાયદા દ્બારા કરવામાં આવેલા અનુમાનો છે અને તે મુજબનું અનુમાન કરવા માટે કોર્ટ કાયદા દ્બારા બંધાયેલી છે. પરંતુ તે અનુમાનો, ખંડનાત્મક અનુમાનો છે અને તે અનુમાનોનુ ખંડન કરવાનો બોજો આરોપી પક્ષ પર છે. જે અનુમાનોનું ખંડન આરોપી પક્ષે પોતાનો સંભવીત અને માની શકાય તેવો બચાવ રજુ કરીને કરવાનો છે. આવો બચાવ રજુ કરવા માટે આરોપી પક્ષે જાતે કોઈ પુરાવો રજુ કરવાની કે સાક્ષી તરીકે જુબાની આપવાની આવશ્યકતા નથી. આરોપી પક્ષ આવો બચાવ ફરીયાદ પક્ષના પુરાવા પરથી પણ શંકા ઉત્પન્ન થાય તેવી હકીકત કે સંજોગો રેકર્ડ પર લાવી ને કરી શકે છે. આવો પ્રોબેબલ બચાવ રજુ કરવાનો અર્થ માત્ર સુચનો કરવા તેવો પણ થતો નથી, પરંતુ આવો સંભવીત બચાવ એવી રીતે રજુ થવો જોઈએ કે જેના આધારે સામાન્ય સમજણ શકિતવાળો વ્યકિત તે બચાવને સંભવીત અને સામાન્ય રીતે માનવા યોગ્ય માની શકે. તેમજ **બચાવપક્ષે જે સૂચનો કરેલા હોય તેના સમર્થનમાં થાડા ઘણા અંશે કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ હોવો જોઈએ. પરંતુ સમર્થનકર્તા કોઈ આધાર કે પુરાવા સીવાયના 'માત્ર સુચનો' ને પ્રોબેબલ ડીફેન્સ માની શકાય નહી.** જે સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને હાલના કેસમાં રજુ થયેલા પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૧૧) આ કામે ફરીયાદ વાળા ચેક, પોતે રાખેલા (નિભાવતા) બેંકના ચોકકસ ખાતામાંથી રકમ ચૂકવવા બાબતે, ચેકના કર્તા ધ્વારા ખતના નાણા લેનાર (Payee) કે ફરીયાદી (Complainant) ને, આપેલ છે કે કેમ ? અને આવો ચેક દેવા અથવા જવાબદારીના સંપુર્ણ કે અંશત: ચુકવણાં માટે, આપેલ છે કે કેમ ? આ બાબતની સમિક્ષા ધી નેગોશ્યેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અને ૧૩૯ ના અર્થઘટન, અનુમાન અને બન્ને પક્ષે રજુ થયેલ પુરાવાના આધારે જ કરી શકાય. જેની ચર્ચા અત્રે હવે પછી કરવામા આવેલ છે.

(૧૧.૧) આ કામે ફરીયાદપક્ષે પોતાની આંક–૦૧ ની ફરીયાદના સમર્થનમાં વિસ્તૃત પુરાવો રજુ કરેલ છે. આ કામે **આંક–૦૪** થી **ફરીયાદીની સરતપાસનું સોગંદનામું** રજુ થયેલું છે જેમાં તેમણે ફરીયાદની હકિકતોનું સમર્થન કરેલ છે. આ કામના ફરીયાદીની બચાવપક્ષના વિ.વ.શ્રી. દ્વારા વિસ્તૃત ઉલટતપાસ લેવામાં આવેલી છે, જેમા ફરીયાદી દ્વારા બચાવપક્ષે પુછવામાં આવેલી મહત્તમ સવાલોના જવાબ ડિનાયેલ સ્વરૂપે આપેલ છે. વધુમાં સદર ફરીયાદીએ ઉલટતપાસમાં તે હકીકતનો ઈન્કર કરેલ કે, આરોપી પાસેથી હાલનો ચેક ૨૦૨૧માંલીધેલ તેમજ તે હકીકતનો પણ ઈન્કાર કરેલ કે, આંક–૧૬ વાળા કરારમાં કોઇ સાક્ષીની સહી નથી.

હાલના કામમાં ફરીયાદીની સાથે આરોપી અગાઉના કેસમાં સમાધાન કરેલ તે પેટે રૂ.૭,૦૦,૦૦૦/– નો ચેક આરોપીએ ફરીયાદીને આપેલ તે મુજબની હકીકત ફરીયાદમાં જણાવેલ તેમજ સરતપાસમાં જણાવેલ અને જે મુજબ આરોપીએ ફરીયાદીને ચેક આપેલો હોવાનું જણાવી પોતાની ફરીયાદ મુજબ વિસ્તૃત જુબાની આપેલ છે. હાલના કામે ફરીયાદની હકિકત તથા ફરીયાદીની જુબાની ધ્યાને લેતા આ કામના ફરીયાદી અને આરોપી વચ્ચે સાઢુભાઇના સંબંધો હોવાની હકીકત ફરીયાદી તર્ફે જણાવવામાં આવેલ છે. આ કામે ફરીયાદીની જુબાનીમાં સદરહુ સાહેદે બચાવપક્ષના વિવશ્રી ધ્વારા લેવાયેલ મહત્વની તકરારો અંગે ડીનાયલ એટલે કે ઈનકાર કરેલ છે અને સદરહુ સાહેદે કોર્ટ રૂબરૂ આપેલ પુરાવાનું બચાવપક્ષ કોઈ મહત્વપૂર્ણ ખંડન કરી શકેલ નથી. આ બાબતે નામદાર ગુજરાત ઉચ્ચ અદાલતે **Khimjibhai Kurjibhai v/s. The State of Gujarat, reported in 1982 Cr.L.R. (Guj), P.381,** ના ચુકાદામાં નોંધેલ છે કે,

"Suggestion in cross-examination are no evidence. This proposition of law is good both in the case of the prosecution and the defence. **Mere hurling of some such suggestions which are denied, can hardly take the place of proof or evidence.** The Law of Evidence is a like both for the prosecution and for the defence. **If the accused wants to establish a certain fact, he has to lead evidence on that score.** Such suspicion cannot have any place in the realm of appreciation of evidence. We reiterate that a suggestion denied by a witness remains only a suggestion and has no evidentiary value at all."

આમ, આ કામના આરોપીએ ફરીયાદીને અગાઉની ફરીયાદ પેટે સમાધાન થઈ જતા આરોપીએ ફરિયાદીને રૂ.૭,૦૦,૦૦૦/– ચુકવવાના હતા તે હકીકત ફરીયાદીએ કાબુલ રાખી આંક–૧૬થી સોગંદનામુ નોટરી રૂબરૂ કરી આપેલ જેમાં આરોપીની સહી છે જે હકીકત આરોપીએ ઈન્કાર કરેલ નથી તેમજ સદર સોગંદનામુ ખોટુ છે તે હકીકત પણ સાબિત કરી શકેલ નથી. તથા ચેકમાં પણ તેમની સહી નથી તે હકીકતને પણ પડકારેલ નથી. જેથી, હાલના કામે ફરીયાદની હકિકત, જુબાની તથા ફરીયાદી દ્ધારા રજુ થયેલ તમામ પુરાવો ધ્યાને લેતાં કાયદેસરના લેણા પેટે આરોપીએ ચેક આપેલ હોવાની ઉપરોકત શરત સંતોષાતી હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

(૧૧.૨) આ કામે આરોપી તરફે કોઈ પણ સાહેદ તપાસેલ નથી તેમજ તેઓએ પોતે પણ જુબાની આપેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી .

આમ, બચાવપક્ષ દ્ધારા ફરીયાદીની ઉલટતપાસ કર્યા સિવાય તેમજ ઉલટતપાસમાં ફરીયાદની હકીકતને ખંડન કર્યા સિવાય અન્ય કોઈ પુરાવા આપેલ નથી કે જુબાની આપેલ નથી જેથી બચાવપક્ષે નેગોશયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન થતુ હોવાનું જણાઈ આવતુ નથી.

આ કામે આરોપીએ એવો બચાવ અને દલીલ કરેલ છે કે, હાલના ફરીયાદીએ તેની પાસે પડેલ આરોપીનો ૨૦૨૧નો ચેક નો દુર ઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે પરંતુ આ દલીલ સંદર્ભે તેઓએ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો આપેલ નથી. વધુમાં જ્યારે આરોપી પોતે આંક–૧૬ થી સોગંદનામુ કરી જણાવેલ કે, ફો.કે નં. ૨૧૧૯/૨૦૨૧ ના કામમાં ફરીયાદીને આરોપી પાસેથી ૭,૦૦,૦૦૦/– રૂપિયા લેવાના છે તે બાબતનુ સોગંદનામુ કરી આપેલ છે જે સોગંદનામાનુ ખંડન કરતો પુરાવો પણ ફરીયાદ પક્ષ દ્ધારા આપવામાં આવેલ નથી જેથી સદરહુ સોગંદનામાંમા જણાવેલ રૂપિયા ૭,૦૦,૦૦૦/– આરોપીએ ફરીયાદીને લેણા પેટે આપવાના છે તે હકીકતનો ઈન્કાર કરતો પુરાવો બચાવપક્ષ પોતાના પુરાવાથી સાબિત કરી શકેલ નથી.

(૧૧.3) આ કામે આરોપી તર્ફે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે હાલના ફરીયાદીનુ આ કામના આરોપી પાસે કોઈ કાયદેસરનુ લેણુ નથી. આ કામે ફરીયાદીએ ખોટી હકિકતો જણાવીને તથા આરોપીએ આપેલ કોરા ચેકનો પોતાની રીતે વધુ પડતી રકમ ભરીને અને ખોટા લેણાં દર્શાવીને તથા કાયદેસરનું લેણુ ન હોવા છતાં <u>ફરીયાદીએ વાદગ્રસ્ત ચેકનો દુરૂપયોગ કરીને હાલની ખોટી ફરીયાદ કરેલ છે.</u> આ બાબતે આરોપીએ તેમના પુરાવાથી સદરહુ હકીકતનુ ખંડન કરેલ નથી તેમજ સદરહુ ચેકમાં આરોપીની સહી નથી તે હકીકતનુ પણ ખંડન કરેલ નથી અને ઉલટતપાસમાં ફક્ત તેટલીજ હકીકત પુછેલ કે આરોપીને કઈ તારીખે કયા મહિને કેટલા પૈસા આપેલા તેવી હકીકત દર્શાવેલ નથી પરંતુ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેનટ એક્ટની કલમ–૧૩૯ મુજબ પ્રીઝમ્સન આરોપીએ પોતાના પુરાવાથી પુરવાર કરવાનુ રહે છે. વધુમાં, નામદાર હાઈકોર્ટના ચુકાદા મુજબ જ્યારે આરોપીની સહીવાળો ચેક ફરીયાદી પાસે હોય ત્યારે સદરહુ ચેક આરોપીએ પોતે ફરીયાદીને લેણા પેટે આપેલ છે તેવુ ,માનવામાં આવે છે જેથી હાલના કામમાં બચાવપક્ષની સદરહુ દલીલ ગ્રાહ્ય રાખી શકાય નહી

આમ, સદરહુ ચુકાદામાં નોંધેલ તારણો ધ્યાને લેતા વાદગ્રસ્ત ચેકમાં હાલના આરોપીની સહી હોઈ તે જવાબદાર ઠરે છે તેવુ અત્રેની કોર્ટનુ સ્પષ્ટપણે માનવુ છે.

(૧૧.૪) ફરીયાદ વાળો ચેક કોઈ દેવું અથવા જવાબદારીના સંપુર્ણ કે અંશત: ચુકવણાં માટે આપેલ છે કે કેમ ? આ અંગે વિચાર કરવામાં આવે તો, ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે આ કામના આરોપીએ હાલની ફરીયાદ વાળો ચેક આપેલ છે. ફરીયાદીના આક્ષેપ અંગે રજુ કરવામાં આવેલા પુરાવા સાથે કાયદાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો ધી નેગોશ્યેબલ ઈન્ટમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ ૧૩૯ વંચાણે લેવી આવશ્યક છે, તે કલમમાં ચેક અનુસંધાનેનું અનુમાન આપવામાં આવેલ છે અને જણાવવામાં આવેલ છે કે,

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

તે સિવાય વટાવખત અધિનિયમની કલમ–૧૧૮ (એ) માં જોગવાઈ કરવામાં આવેલ છે કે,

Until the contrary is proved, the following presumptions shall be made:

(a) that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, as accepted, indorsed, negotiated or transferred for consideration;

નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા **Girishbhai Natvarbhai Patel v/s State of Gujarat 2006 (1) GLR 786** ના કેસમાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત વંચાણે લેવામાં આવે તો તે કેસમાં નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા ઠરાવવામાં આવેલ છે કે,

It is an established position of law that under the scheme of Negotiable Instruments Act, especially under Scheme of 138 and 139, the statutory presumption is created in favor of the complainant and the Court has to presume and proceed on the basis of this presumption unless it is dislodged by the accused on the strength of leading cogent and convincing evidence in support of his claim. Sec. 139 of the Negotiable Instruments Act, 1881 makes it unequivocally clear that it is the duty cast upon the Court to presume that the holder of a cheque receive the cheque of the nature referred to in Sec. 138 for the discharge in whole or in part of any debt or other liability.

નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **Hiten P.Dalal V/s Bratindranath Banerjee AIR 2001 SC 3897** ના કેસમાં ઠરાવવામાં આવેલ છે કે,

Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact.

નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **Rangappa V. Mohan 2010 Cri.L.J 2871** ના કેસમાં ઠરાવવામાં આવેલ છે કે,

Once the cheque relates to the account of the accused and he accepts and admits the signature on the said cheque, then initial presumption as contemplated under section 139 of the Negotiable Instrument Act has to be raised by the court in favor of the complainant. The presumption referred to in section 139 of the N.I.Act is mandatory presumption and not a general presumption, but the accused is entitled to rebut the said presumption. What is required to be established by the accused in order to rebut the presumption is different from each case under given circumstances. But the fact remains that a mere plausible explanation is

not expected from the accused and it must be more than a plausible explanation by way of rebuttal evidence. In other words, the defence raised by way of rebuttal evidence must be probable and capable of being accepted by the court.

તે કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે વધુમાં ઠરાવેલ છે કે,

The presumption mandated by S.139 of the Act does indeed include the existence of legally enforceable debt or liability.

નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા **Hitenbhai Parekh, Proprietor, Parekh Enterprises Vs. State of Gujarat & Anr. 2010 (5) GLR 4136**. ના કેસમાં ઠરાવેલ સિધ્ધાત વંચાણે લેવામાં આવે તો, તે કેસમાં ઠરાવવામાં આવેલ છે કે,

Although, there is no presumption as regards any debt or other liability being legally enforceable, it would be found that once a debt or other liability is presumed and not properly rebutted, it would be legally enforceable, unless and until it is shown to be legally unenforceable.

હાલના કેસમાં ફરીયાદ પક્ષ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, ફરીયાદીએ પોતાની સરતપાસમા તથા રજુ થયેલ દસ્તાવેજો દ્વારા સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, તેઓને આ કામના આરોપી પાસેથી ચેકમાં દર્શાવ્યા મુજબની રકમ લેવાની નીકળતી હતી તે જવાબદારીના પેમેન્ટ માટે આરોપીએ હાલની ફરીયાદ વાળો ચેક આપેલ છે. ફરીયાદીએ વધુમાં દલીલ કરેલી છે કે, આ કામના ફરીયાદીએ પોતાની સરતપાસમાં સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, ફરીયાદ વાળા ચેક પર આરોપીની સહી છે. તથા સદરહુ ચેક અગાઉ થયેલ સમાધાન પેટે આપેલ છે જે બાબતે ફરીયાદપક્ષે આંક-૧૬ થી આરોપીનું સોગંદનામુ રજુ કરેલ છે જેમાં પણ **૩.૭,૦૦,૦૦૦/-લાખ** આરોપીએ ફરીયાદીને ચુકવવાના છે તે હકીકત જણાવેલ છે આમ, સદરહુ સોગંદનામામાં અગાઉ ક્રી.કે.નં-૨૧૧૯/૨૦૨૧ના કામમાં સમાધાન પેટે હાલનો કેસ આપેલ છે તેવી હકીકત ફરીયાદી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે. વધુમાં જ્યારે સદરહુ ચેક આરોપીએ ફરીયાદીને અગાઉના નેગોશીયેબલ ચેક બાઉન્સના કેસમાં સમાધાન પેટે આપેલ ત્યારે તે હકીકત સ્પષ્ટ થાય છે કે ફરીયાદીનુ આરોપી પાસે થી કાયદેસરનુ લેણુ નીકળે છે તેમજ આ બાબતે હાલની કોર્ટ નીચે મુજબના ચુકાદા પર આધાર રાખે છે.

Gimpex Private Limited Versus Manoj Goel 2021(0)AIJEL-SC67865

Three judges bench of honble supreme court in which it is held that

When a complainant party enters into a compromise agreement with the accused, it may be for a multitude of reasons – higher compensation,

faster recovery of money, uncertainty of trial and strength of the complaint, among others. A complainant enters into a settlement with open eyes and undertakes the risk of the accused failing to honour the cheques issued pursuant to the settlement, based on certain benefits that the settlement agreement postulates. **Once parties have voluntarily entered into such an agreement and agree to abide by the consequences of non-compliance of the settlement agreement, they cannot be allowed to reverse the effects of the agreement by pursuing both the original complaint and the subsequent complaint arising from such non-compliance.** The settlement agreement subsumes the original complaint. **Non-compliance of the terms of the settlement agreement or dishonour of cheques issued subsequent to it, would then give rise to a fresh cause of action attracting liability under Section 138 of the NI Act and other remedies under civil law and criminal law**."

આમ, ઉપરોક્ત ચુકાદો હાલના કેસને લાગુ પડે છે કારણકે,હાલના કેસમાં પણ આરોપીએ ફરીયાદીને અગાઉ થયેલ ચેક બાઉન્સના કેસમાં નીકળતા કાયદેસરના લેણા પેટે સમાધાન કરી હાલનો ચેક આપેલ છે જેથી હાલનો ચેક કાયદેસરના લેણાનો છે તેવુ સ્પષ્ટપણે સાબિત થાય છે વધુમા, આંક–૧૬વાળુ સોગંદનામુ જે આરોપીએપોતે ફરીયાદીને કરી આપેલ છે તે દાસ્તાવેજ ફરીયાદની હકીકતને સમસ્થન કરતો પુરાવો છે જેનુ ખંડન બચાવપક્ષ દ્વારા યોગ્ય રીતે કરવામાંઆવેલ નથી. તેમજ ફરીયાદીની તરફેણમાં <u>કલમ–૧૩૯ અને ૧૧૮</u> અંતર્ગતનું અનુમાન પણ છે. જેથી, રેકર્ડ પરનો તમામ પુરાવો અને ફરીયાદીની તરફેણમાં રહેલ <u>કલમ–૧૩૯ અને ૧૧૮</u> નું અનુમાન ધ્યાને લેતા ફરીયાદ વાળો ચેક કાયદેસરનું દેવુ ચુકવા માટે આપેલ હોવાનું નિશંકપણે પુરવાર થયેલ છે .
વધુમાં આ બાબતે હાલની કોર્ટ નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા આધાર રાખેલ છે જે નીચે મુજબ છે.

<u>P Rasiya vs Abdul Nazer and anr. Decided on August, 2022</u> ના કેસમાં ઠરાવેલ છે કે,

The Court held that due to the presumption under Section 139, <u>once the signature and cheque are not in dispute, it will be presumed that the cheque was issued for discharge of debt or liability in favour of complainant</u>. The Supreme Court recently held that in a cheque-bounce case under Section 138 of the Negotiable Instruments Act (NI Act), <u>the complainant is not required to spell out in the complaint, the nature of</u>

transaction or source of fund since the onus is on the accused to prove that the cheque was issued not towards a debt or liability.

નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **Sampelly Satyanarayana Rao v/s Indian Renewable Energy Development Agency Ltd., Criminal Appeal No. 867 of 2016, SCC OnLine SC 954, decided on 19.09.2016** ના કેસમાં ઠરાવેલ છે કે,

18. In Rangappa v. Sri Mohan, (2010) 11 SCC 441 this Court held that **once issuance of a cheque and signature thereon are admitted, presumption of a legally enforceable debt in favour of the holder of the cheque arises**. It is for the accused to rebut the said presumption, though accused need not adduce his own evidence and can rely upon the material submitted by the complainant. However, mere statement of the accused may not be sufficient to rebut the said presumption.

આ સબંધે અત્રેની કોર્ટ ધ્રારા નામદાર સર્વોચ્ચ અદાલતના **Sanjabij Tari Versus Kishore S.Borcar, Criminal Appeal No.1755 Of 2010, Decided on:- 25-09-2025, 2025 (0) AIJEL-SC 75934, Hon'ble Judges: Manmohan, N.V.Anjaria,** ના ચુકાદામાં નોંધેલ તારણો ધ્યાને લીધેલ છે. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

ONCE EXECUTION OF CHEQUE IS ADMITTED, PRESUMPTIONS UNDER SECTIONS 118 AND 139 OF THE N I ACT ARISE.

15. In the present case, the cheque in question has admittedly been signed by the Respondent No.1-Accused. **This Court is of the view that once the execution of the cheque is admitted, the presumption under Section 118 of the NI Act that the cheque in question was drawn for consideration and the presumption under Section 139 of the NI Act that the holder of the cheque received the said cheque in discharge of a legally enforceable debt or liability arises against the accused.** It is pertinent to mention that observations to the contrary by a two Judges Bench in **Krishna Janardhan Bhat vs. Dattatraya G. Hegde, (2008) 4 SCC 54** have been set aside by a three Judges Bench in **Rangappa** (supra).

16. This Court is further of the view that by creating this presumption,

<u>the law reinforces the reliability of cheques as a mode of payment</u> in commercial transactions.

આ કામે આરોપી તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, હાલના ફરીયાદીએ આરોપી પાસેથી ૨૦૨૧માં લીધેલ ચેકનો દુરુપયોગ કરેલ છે **<u>પરંતુ આ બાબતે આરોપીએ ફરીયાદીને સદરહુ ચેકની કોઇ નોટીસ આપી હોય અથવા પોલીસમાં આ બાબતે કોઇ ફરીયાદ કરેલ હોય તેવી કોઇ જ હકીકત જણાવેલ નથી તેમજ કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ નથી. વધુમાં ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ એકવાર જ્યારે આરોપીએ પોતાનો સહીવાળો ચેક ફરીયાદીને આપ્યો હોય ત્યારે તે સદરહુ ચેક કાયદેસરના લેણા પેટેનો આપેલ નથી તેવુ બચાવપક્ષે સાબિત કરવાનુ રહે છે જે આ કામમાં બચાવપક્ષ સાબિત કરવામા નિષ્ફળ રહેલ છે. વધુમાં ફરીયાદીએ આંક-૧૬ ઉપર આધાર રાખેલ છે જેનુ ખંડન પણ બચાવપક્ષ દ્વારા કરવામા આવેલ નથી તેમજ આંક-૧૬ વાળા દસ્તાવેજમાં તેમની સહી નથી તેવુ પણ તેઓએ જણાવેલ નથી તેમજ સદરહુ દસ્તાવેજ નોટરી રૂબરૂનુ હોઇ જેથી તેમાં જણાવેલ હકીકત ના માનવાનુ કારણ રહેતુ નથી.</u>** વધુમાં ઉપરોક્ત જણાવેલ ચુકાદા મુજબ જ્યારે કોઇ ચેક સમાધાન પેટે આપેલ હોય ત્યારે તે ચેક કાયદેસરના લેણા માટે છે તે નામદાર સુપ્રિમકોર્ટે સ્પષ્ટપણે જણાવેલ છે. જેથી, આ કામે ફરીયાદીએ હાલના આરોપી વિરુદ્ધ ખોટી ફરીયાદ કરેલ હોય તે હકીકત માની શકાય તેમ નથી અને ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

આમ, ઉપરોકત કલમ તથા ચુકાદાઓમાં ઠરાવેલા સિધ્ધાંતો મુજબ <u>જો ચેકના ધારક ચેક આરોપીના ખાતાનો હોવાનું, ચેક પર આરોપીની સહી હોવાનું અને જે વ્યવહાર માટે ચેક આપવામાં આવેલ હોવાનું જણાવે છે તે વ્યવહાર થયો હોવાની શરૂઆતની હકીકત પુરવાર કરે</u> તો ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબનું અનુમાન કરવાનુ રહે છે કે તે દેવા કે જવાબદારીના સંપુર્ણ કે અંશત: ચુકવણા માટે આપવામાં આવેલ હતા. જો કે ઉપરોકત ચુકાદાઓ મુજબ, <u>કલમ-૧૧૮ અને ૧૩૯</u> અંતર્ગતના અનુમાન ખંડનાત્મક અનુમાન છે અને તે અનુમાનનું ખંડન આરોપી પક્ષે પોતાના માની શકાય તેવા પુરાવા દ્વારા અથવા તો એવા સં જોગોનું અસ્તીત્વ રેકર્ડ પર લાવીને કરવાનું રહે છે કે, જેના આધારે સામાન્ય સમજ શક્તિ વાળો માણસ એવુ માની શકે કે આવો ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ હતો નહી અથવા તો ફરીયાદી જણાવે છે તેવા વ્યવહાર, દેવા કે જવાબદારીનું અસ્તીત્વ માની શકાય તેમ નથી. પરંતુ તે ખંડન કરવા માટે આરોપીએ પોતાને સાક્ષી તરીકે તપાસવાની આવશ્યકતા નથી કે પોતે પુરાવો રજુ કરવાની જરૂર નથી. આરોપી આવા અનુમાનનું ખંડન ફરીયાદ પક્ષ દ્વારા રજુ પુરાવા પરથી પણ કરી શકે છે. <u>સદરહુ ચેક કાયદેસરના લેણાં પેટે આપેલ ન હોવા બાબતનો કોઈ આધારભૂત પુરાવો આરોપી તરફે રજુ થયેલ નથી</u>. આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા સદરહુ ચેક ની રકમ ફરીયાદીને આરોપી પાસેથી લેવાની નીકળતી હોવાનુ સ્પષ્ટપણે અનુમાન કરી શકાય તેમ છે અને આરોપીએ સદરહુ લેણી નીકળતી રકમ પેટે ચેક આપેલ હોવાનુ પુરવાર થાય છે. આમ, સમગ્ર પુરાવો વંચાણે લેવામાં આવે તો, ફરીયાદ વાળો

ચેક આરોપીએ ફરીયાદીને આપેલ ન હતો તે પુરવાર કરવા માટે કોઈ ગ્રાહ્ય પુરાવો રજુ કરેલ નથી. જેથી, રેકર્ડ પરનો તમામ પુરાવો અને ફરીયાદીની તરફેણમાં રહેલ **કલમ–૧૩૯ અને ૧૧૮** નું અનુમાન ધ્યાને લેતાં ફરીયાદ વાળો ચેક કાયદેસરનું દેવુ ચુકવા માટે આપેલ હોવાનું નિશંકપણે પુરવાર થયેલ છે.

(૧૨) આ કામે ફરીયાદ વાળા ચેક (૧ એપ્રીલ ૨૦૧૨ બાદનો હોઈ) ત્રણ મહીના અથવા વેલીડીટી પીરીયડ બેમાંથી જે પહેલું હોય તે સમયગાળામાં બેંકમાં રજુ કરવામાં આવેલ છે કે કેમ? આ અંગે ફરીયાદી દ્રારા રજુ જુબાનીનું સોગંદનામું વંચાણે લેવામાં આવે તો, આ કામના ફરીયાદી દ્વારા પોતાની જુબાનીમાં સ્પષ્ટ રીતે પુરાવો આપવામાં આવેલ છે કે, ફરિયાદ વાળો ચેક **તા.૧૮/૦૩/૨૦૨૪** ની તારીખનો છે, જે ચેક ફરીયાદીએ ફેડરલ બેંક, પેટલાદ, આણંદ શાખામાં વસુલાત માટે રજુ કરતાં સદર ચેક કલીયરીંગમાં જતા **તા.૧૯/૦૩/૨૦૨૪** ના રોજ **"ફંડ ઈનસફિશિયન્ટ"** ના શેરા સાથે વસુલાત વગર પરત આવેલ છે. તે સીવાય આ કામે **આંક–૧૦** થી રજુ થયેલ અસલ ચેક, **આંક–૧૧** થી રજુ થયેલ ચેક રીર્ટન મેમો તથા ફરીયાદીનો મૌખીક પુરાવો ધ્યાને લેવામાં આવેતો ફરીયાદ વાળો ચેક, ચેક પર લખવામાં આવેલી તારીખથી ચેકની વેલીડીટી પીરીયડ ત્રણ માસ ની અંદર ચુકવણી માટે બેંકમાં પ્રેઝન્ટ થયેલ હોવાનું જણાઈ આવે છે. તે સીવાય ફરીયાદ વાળા ચેક વેલીડીટી પીરીયડમાં બેંકમાં રજુ થયેલ નથી તેવો આરોપી પક્ષનો કોઈ બચાવ કે તકરાર નથી. જેથી ફરીયાદ વાળા ચેક, ચેક પર લખવામાં આવેલી તારીખથી કાયદા દ્વારા નિયત કરવામાં આવેલ સમય મર્યાદા ત્રણ મહીનામાં વસુલાત માટે બેંકમાં રજુ થયેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૩) ફરીયાદ વાળો ચેક અપુરતાં ભંડોળના કારણે કે બેંક સાથે કરવામાં આવેલ વ્યવસ્થા કરતાં વધુ રકમનો હોવાનાં કારણે વગર ચુકવણે પરત થયેલો કે કેમ ? આ અંગે વિચાર કરવામાં આવેતો આ કામના ફરીયાદીની જુબાનીમાં ફરીયાદીએ સ્પષ્ટ રીતે પુરાવો આપેલ છે કે, ફરીયાદ વાળો ચેક અપુરતા ભંડોળના કારણે પરત આવેલ. આ કામે **આંક–૧૧** થી રજુ થયેલ ચેક રીર્ટન મેમો વંચાણે લેવામાં આવે તો ફરીયાદ વાળા ચેક **"ફંડ ઈનસફિશિયન્ટ"** ના કારણે પરત આવેલ હોવાનો ઉલ્લેખ છે. પુરાવા અધિનીયમની કલમ–૫૯ મુજબ દસ્તાવેજની વિગત સિવાયની તમામ હકીકત મૌખીક પુરાવાથી પણ સાબીત કરી શકાય છે. હાલના કેસમાં ફરીયાદ વાળો ચેક અપુરતા ભંડોળના કારણે રીર્ટન થયા હોવા અંગે ફરીયાદીએ પોતાની સરતપાસના માધ્યમથી મૌખીક પુરાવો પણ આપેલ છે અને દસ્તાવેજ પણ રજુ કરેલ છે. વધુમાં ફરીયાદ પક્ષે જે પુરાવો આપેલ છે તે પુરાવાનુ આરોપી પક્ષ દ્વારા આધારભુત પુરાવાઓના આધારે ખંડન કરેલ નથી તથા આરોપી તરફે વિવાદીત ચેક બેંકમાં રજુ થયો તે તારીખે પુરતુ ભંડોળ હતુ તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી ફરીયાદ વાળો ચેક અપુરતા ભંડોળના કારણે વગર ચુકવ્યે પરત થયેલ હોવાની હકીકત સાબીત થાય છે.

(૧૪) ચેક વગર ચુકવ્યે પરત થયાની બેંક ધ્વારા જાણ કરવામાં આવ્યાના ૩૦ દિવસની અંદર

નોટીસ ધ્વારા ચેક લખનારને જાણ કરી ચેકની રકમની માંગણી કરેલી છે કે કેમ? આ અંગે ફરીયાદ પક્ષનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, ફરીયાદીએ ચેકની વેલીડીટી પિરીયડમાં વિવાદીત ચેક વટાવવા માટે બેંકમાં રજુ કરેલ હોવાનું જણાઈ આવે છે. જયારે **આંક-૧૨** થી રજુ નોટીસ વંચાણે લેવામાં આવેતો, આ નોટીસ **તા.૦૩/૦૪/૨૦૨૪** ના રોજની છે. તે નોટીસમા ચેકની રકમ રૂ.૭,૦૦,૦૦૦/- તથા ચેકનં.૦૧૮૦૭૬ નો ઉલ્લેખ છે તથા તે નોટીસ દ્વારા ચેકની રકમ નોટીસ મળ્યે દિન-૧૫ મા ચુકવી આપવા સ્પષ્ટ સુચના આપેલ હોવાનું જણાય છે. જે કાયદા દ્વારા નિયત સમય મર્યાદા ૩૦ દિવસમાં કરેલ હોવાનું જણાઈ આવે છે.

(૧૫) આવી રકમની માંગણી કરતી નોટીસ ચેક લખનારને મળ્યાના પંદર દિવસમાં ચેક લખનાર ચેકની રકમની ચુકવણી ન કરે તો તેના એક માસમાં ચેકના પેઈ અથવા હોલ્ડર ઈન ડયુ કોર્સ હોય તેણે ફરીયાદ કરેલ છે કે કેમ? આ અંગે ફરીયાદ પક્ષનો પુરાવો વંચાણે લેવામાં આવેતો, આ કામના ફરીયાદીએ પોતાની જુબાનીની સરતપાસમાં જણાવેલ છે કે, આરોપીએ આપેલ ચેકના નાણા અમોને મળી શકેલા નહી, જેથી અમો ફરીયાદીએ વકીલ મારફતે આ કામના આરોપીને આર.પી.એ.ડી દ્વારા નોટીસ આપેલ અને તેમા જણાવેલ કે, ચેકની રકમ દિન-૧૫ માં ચુકવી આપવી. તેઓએ વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત નોટીસ આરોપીના સરનામે બજી ગયેલ છે તથા જેના પુરાવા તથા પોસ્ટ ખાતાના આધારો રજુ કરેલા છે. હાલના કેસમાં ફરીયાદીએ **આંક-૧૨** થી નોટીસ ની નકલ તથા **આંક-૧૩** રજિસ્ટર્ડ પોસ્ટની પાવતી, **આંક-૧૪** થી પોસ્ટ વિભાગની ઓનલાઇન લાઇન કઢાવેલ ટ્રેક રીપોર્ટ તથા **આંક-૧૫** થી રજી.પોસ્ટ મોકલાવેલ તેનુ અસલ એક્નોલેજમેન્ટ કાર્ડ રજુ કરેલ છે. ફરીયાદીએ સદર કામના આરોપીને ચેકવાળા નાણાં આપી જવા રજી.એડી.નોટીસ તા.૦૩/૦૪/૨૦૨૪ ના રોજ આપેલી છે જે તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ આરોપીને બજી ગયેલ છે. જે ધ્યાને લેતા આરોપીના સરનામે નોટીસ બજી ગયેલ હોવાનુ પુરવાર થાય છે. જેથી, આ કામના આરોપીએ કાયદેસરના લેણા પેટે ફરીયાદીને ચેક આપેલ હોવાનુ અને સદરહુ ચેક આરોપીની કસુરના કારણે નકારાયેલ હોવાનુ અને તે ચેક નકારાતા ફરીયાદી ધ્વારા આરોપીને તેના સરનામે નોટીસ આપેલ હોવાનુ નિશંકપણે પુરવાર થાય છે.

આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો તથા સોગંદ પરની જુબાની ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક આ કામના આરોપી દ્વારા નિભાવવામાં આવતા બેંક ખાતાનો હોવાનું, તે ચેક આરોપીએ ફરીયાદીને તેનુ કાયદેસરનું લેણું ચુકવવા માટે આપેલ હોવાનું, તે ચેક અપુરતા ભંડોળના કારણે વગર ચુકવણીએ પરત થયેલ હોવાનું, સદરહુ ચેક રીર્ટન થતા ફરીયાદીએ કાયદા દ્વારા નિયત સમયમાં આરોપીઓને ડીમાન્ડ નોટીસ આપેલ હોવાનું, આ ડીમાન્ડ નોટીસ છતા રીર્ટન થયેલા ચેકની રકમ નિયત સમય મર્યાદામાં આરોપીએ નહી ચુકવેલાનું અને ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ કાયદા દ્વારા નિયત કરવામાં આવેલ સમય મર્યાદામાં દાખલ થયેલ હોવાનું પુરવાર થાય છે.

જેથી, આરોપી દ્વારા ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ- ૧૩૮ મુજબ

શિક્ષાને પાત્ર કુત્ય કરેલ હોવાનું પુરવાર થાય છે. જે ધ્યાને લઈ મુદા નંબર ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. આ કામના આરોપી કાછીયા પ્રજ્ઞેશકુમાર ઘનશ્યામભાઈને ધી નેગોશયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૪૨ સાથે વાંચતાં કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર કૃત્ય બદલ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૨૫૫(૨) મુજબ તકસીરવાર ઠરાવવામાં આવે છે.

કામ, આરોપીને સજા બાબતે સાંભળ્યા માટે મુલતવી.

હુકમ આજરોજ તારીખ ૨૪, માહે–જૂન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪/૦૬/૨૦૨૬

(એ.જે.વાસુ)

પેટલાદ

એડીશ્નલ ચીફ જયુડી. મેજી.
પેટલાદ

(૧૬) સજા બાબતે સાંભળ્યા.

ફરીયાદ પક્ષના વિ.વકીલશ્રીને સાંભળ્યા.

આરોપીના વિ.વકીલશ્રીને સાંભળ્યા.

ફરીયાદ પક્ષના વિ.વકીલ શ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલી છે કે, આ કામે સદરહુ કેસનુ રેકર્ડ ધ્યાને લેતાં આરોપીની કસુરના કારણે સદરહુ કેસ ઘણા સમય સુધી વિલંબમાં પડેલ છે અને ફરીયાદીને ઘણી બધી હાડમારી સહેન કરવી પડેલ છે. હાલના કામે આરોપીએ ટ્રાયલ ચલાવવામા પણ અક્ષમ્ય વિલંબ કરેલ છે અને આ કામે આરોપી શરુઆતથી જ કાયદેસર લેણા પેટે ચેક આપેલ હોવાનુ જાણવા છતાં ફરીયાદીને ચેકના નાણાં નિયત સમયમાં નહી આપીને તેમને બીનજરૂરી રીતે સદરહુ કાર્યવાહીમાં ઉતારેલ છે. આરોપીને જયારે તકસીરવાર ઠરાવવામાં આવેલા છે ત્યારે તેઓને કાયદા દ્વારા નિયત કરવામાં આવેલી મહત્તમ સજા કરી દાખલો બેસાડવો જોઈએ.

આ કામે આરોપીના વિ.વ.શ્રીએ હાજર રહી દલીલ કરેલ છે કે આરોપી બાળબચ્ચાવાળા ઈસમ છે તથા ઘરની તમામ જવાબદારી તેમના પર રહેલ છે. આરોપી સમાજમા પ્રતિષ્ઠિત માણસ છે. જેથી, આરોપી પર દયા રાખીને તથા સુધારણાલક્ષી શિક્ષાની વિચારસરણી ધ્યાને લઈને હાલના આરોપીને ઓછામાં ઓછી સજા તથા દંડ કરવા રજૂઆત કરેલ છે.

આ કામે બન્ને પક્ષોને તમામ રજુઆતો ધ્યાને લેતાં સ્પષ્ટ થાય છે કે, આરોપીએ કાયદેસરના લેણા પેટે ઉત્પન્ન થયેલી જવાબદારીના ચુકવણા માટે હાલની ફરીયાદ વાળો ચેક આપેલો છે. જે જવાબદારી માટે ફરીયાદ વાળો ચેક આપવામાં આવેલ છે તે વ્યવહાર ઘણો જુનો વ્યવહાર છે. આવા સંજોગોમાં જો કોઈ કાયદેસરની લેણી રકમ આટલા સમય સુધી ફસાઈ રહે તો તેવા વ્યક્તિને આર્થીક નુકશાની અને માનસીક અને શારીરીક હેરાનગતીનો ભોગ બનવુ પડતુ હોય છે. તે સીવાય ચેકનો ઉપયોગ કરનાર વ્યકિત આવો ચેક પુરતી ગંભીરતા સાથે ઉપયોગમાં લે અને આવા ચેક સ્વીકારનાર વ્યકિતને પણ ચેકથી થતા વ્યવહારો પર વિશ્વાસ જળવાઈ રહે તે માટે આવા કેસોને હળવાશથી ન લેવા આવશ્યક જણાય છે. તે સીવાય જે વ્યકિતને આવા ચેક રીર્ટનના કારણે જે આર્થીક નુકશાની અને માનસીક શારીરીક હેરાનગતિનો ભોગ બનવુ પડે છે તે બદલ યોગ્ય વળતર ચુકવવામાં આવે તે પણ આવશ્યક જણાય છે. આ કામે હાલના આરોપીની રેકર્ડ પરની વર્તણુક ધ્યાને લેતા હાલના કામે આરોપીએ ટ્રાયલ ચલાવવામા પણ વિલંબ કરેલ છે અને આ કામે આરોપી શરુઆતથી જ કાયદેસર લેણા પેટે ચેક આપેલ હોવાનું જાણવા છતાં ફરીયાદીને ચેકના નાણાં નિયત સમયમાં નહી આપીને તેને સદરહુ કાર્યવાહીમાં ઉતારેલ છે. આ કામે આરોપીએ સમજયા વિચાર્યા વગર લહેણા પેટે ચેક આપ્યા બાદ પોતાના ખાતામાં પુરતુ ભંડોળ નહી રાખીને સ્પષ્ટપણે ચેકના કાયદાની ગંભીરતા ધ્યાને નહી લીધેલ હોવાનું સ્પષ્ટ થાય છે. જેથી ચેક રીર્ટનના કેસમાં ચુકવવાના થતા વળતર અંગે નામદાર સર્વોચ્ચ અદાલત અને ગુજરાત ઉચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: આખરી હુકમ ::–

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૨) મુજબ આ કામના **આરોપી કાછીયા પ્રજ્ઞેશકુમાર ઘનશ્યામભાઈ** ઉ.વ.૪૫, ધંધો–વેપાર રહે.નવાપુરા લાઈબ્રેરી પાછળ,મુ.તા.પેટલાદ જી.આણંદનાઓને એન.આઈ. એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં ૨(બે) વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરીયાદીને વળતર પેટે **રૂ.૭,૦૦,૦૦૦/– (સાત લાખ)** દિન–૬૦ માં ચુકવી આપવા. (જો આરોપી તરફથી વચગાળાના સમય દરમ્યાન જે કોઈ રકમ ફરીયાદીને ચુકવેલ હોય તો તેવી રકમ વળતર તરીકે મજરે ગણવાની રહેશે) જો આરોપી વળતરની રકમ ચુકવવામા કસુર કરે તો આરોપીએ વધુ –૨ માસ (બે માસ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી ચાલુ કેસ દરમ્યાન કાચા કામના કેદી તરીકે કસ્ટડીમાં રહ્યા હોય તો તે સજા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૨૮ મુજબ મજરે આપવાની રહેશે.

(૪) સદર ચુકાદો જાહેર કર્યો અને આરોપીને તકસીરવાન ઠરાવવામા આવેલ છે. તે સમયે આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર ન હોય તથા સદર ચુકાદો યોગ્ય સમયે ત્વરીત જાહેર ન થાય તે અર્થે કોર્ટમા હાજર રહેતા ન હોય અને સદર કેસને વિલંબમાં નાંખવા પ્રયત્ન કરતા હોય, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૧૮ તથા ૩૫૩ (૬)(૭) અન્વયે સદર ચુકાદો આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામા આવેલ છે અને આરોપીએ હાજર થઈ સજા ભોગવવા માટેની કાર્યવાહી અર્થે તથા સદર હુકમના અમલ અર્થે આરોપી વિરુદ્ધ પકડ વોરન્ટ કાઢવાનો હુકમ કરવામા આવે છે.

(૫) આરોપીની ધરપકડ કરી રજુ કર્યેથી અગર તો આરોપી હાજર થયેથી આરોપીને ક્રીમી.પ્રોસી. કોડની કલમ–૩૬૩(૧) મુજબ સદર ચુકાદાની નકલ વિનામુલ્યે પુરી પાડવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ– ૨૪–૦૬–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળવીને મારી સહી કરી જાહેર કર્યો.

(એ.જે. વાસુ)

તારીખ :– ૨૪/૦૬/૨૦૨૬ એડી. ચિફ જયુડી.મેજીસ્ટ્રેટ

સ્થળ :–પેટલાદ પેટલાદ

GJ-01397

સ્ટેનોગ્રાફર: ડી.જે. સોલંકી